

॥ શ્રી મહાલક્ષ્મયૈ નમઃ ॥

# શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજનું મુખપત્ર

શ્રીગૌડ જાગૃતિ

**તંત્રી મંડળ**
પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય
જીજ્ઞેશભાઈ બી. પંડિત
યોગેશભાઈ કે. શુકલ
કૌશિકભાઈ એચ. પાઠક

અંક - સપ્ટેમ્બર ૨૦૧૫

પ્રમુખ : અનિલભાઈ એસ. દવે | તંત્રી : ભાવિનભાઈ આર. શુક્લ | સંપાદક : હસિતભાઈ એચ. પાઠક


## પ્રમુખશ્રી ની કલમેથી

મહાલક્ષ્મી માતાની જય

સહર્ષ, કલમનો ઉપયોગ કરતાં ખૂબ જ આનંદ અને ઉમંગની લાગણી અનુભવું છું વર્ષો પછી કલમ પકડી છે. વ્યવસાયે ધારાશાસ્ત્રી હોવાથી જવલ્લેજ કલમનો ઉપયોગ કરવાનો હોય છે.

સને ૨૦૦૪ થી વર્ષ ૨૦૧૫ સુધી સમસ્ત શ્રીગૌડ સમાજે વિટંબણાઓમાં વર્ષો પસાર કર્યા. આપણો સમાજ દરેક જગ્યાએ પથરાયેલો છે. મુખ્ય શહેરોમાં, દરેક જિલ્લાઓમાં અને ગામડાંઓમાં પણ આપણા શ્રી બંધુઓની વસ્તી છે. કોણ જાણે કેમ ધબકતો સમાજ એકદમ જ નિષ્ક્રીય થઈ ગયેલ હતો. "શ્રીગૌડ જાગૃતિ" પણ બંધ થઈ ગયું હતું નિષ્ક્રીય માળખામાં મારું સ્થાન કોઈ જગ્યાએ ન હતું, પરંતુ મારા વકીલાતના વ્યવસાય સાથે પરોક્ષ રીતે શ્રીગૌડ સમાજને પણ મદદ કરતો રહયો.

જે કંઈ સ્થિરતાના બીજ રોપાયા તે આ જ વર્ષે રોપાયા અને સમાજમાં દરેક જગ્યાએથી સમસ્ત શ્રીગૌડ સમાજને પુનઃ જાગૃત કરવા માટેની અલગ અલગ પ્રકારની પ્રવૃતિઓ અલગ અલગ ગ્રુપમાં ચાલવા લાગી, પરિણામ સ્વરૂપે સભ્યોમાં મતમતાંર રહયાં, પરંતુ સમાજની એકતા અને અખંડિતતા ટકાવી રાખવા માટે સૌએ એક થઈ, ખભેખભા મિલાવી ચાલવાનુ ઉચિત માન્યુ.

પૂર્વ પ્રમુખ સર્વશ્રી હરિપ્રસાદભાઈ જોષીએ પણ નિવૃત્ત થવાની ઈચ્છા વ્યક્ત કરી અને માળખુ વિખેરી તા. ૬/૯/૨૦૧૫ ના રોજ સમાજની વાર્ષિક સામાન્ય સભા રાખવામાં આવી છે તેવી જાહેરાત કરી. શ્રી હરિપ્રસાદભાઈ જોષી પછી સમાજના પ્રમુખ કોણ બનશે તે વાતો પણ ચર્ચાસ્થાને રહી. સમાજમાં દરેક જગ્યાએથી બે નામોની ચર્ચા થવા લાગી અને ચર્ચામાં પ્રમુખ સ્થાને બે ઉમેદવારો ઉભરી આવ્યા (૧) શ્રી અનિલ એસ. દવે સિનિયર ધારાશાસ્ત્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ (૨) વાઈસ ચાન્સેલર, યોગ યુનિવર્સિટી અમદાવાદના ડાં. બંસીધરભાઈ ઉપાધાય. બંને પક્ષો ચૂંટણી માટે તૈયાર હતા. તૈયારી પણ કરી દીધી હતી.

પરંતુ મારા દિમાગમાં વિચાર આવ્યો, ચૂંટણી કરીશું તો સમાજ બે ભાગમાં વિભાજીત થઈ જશે. આ સંજોગોમાં એક પ્રકારનું સમાધાન કરીને આગળ ચાલવું હોય તો વિકલ્પો મળતા રહે. જેથી સમાજના અગ્રણીઓ સાથે ચર્ચા વિર્મશ કરવાનું યોગ્ય લાગ્યુ અને ચર્ચાના અંતે સુખદ પરિણામ મળી આવ્યું. સૌની ઉપસ્થિતિમાં નક્કી કરવામાં આવ્યું કે પૂર્વ પ્રમુખશ્રી હરિપ્રસાદભાઈ નિવૃત્ત થયા છે તો તે સ્થાને એક વર્ષ પૂરતા શ્રી અનિલ એસ. દવે, ધારાશાસ્ત્રી સમાજની ધુરા સંભાળે અને ત્યાર બાદ ડૉ. શ્રી બંસીધરભાઈ સમાજના પ્રમુખ તરીકે ધુરા સંભાળશે. હાજર રહેલા વડીલો અને સામાન્ય મંત્રી, કોષાધ્યાશ્રી અને તટસ્થ વ્યક્તિ તરીકે સમાજના જ અગ્રણી શ્રી કુમુદચંદ્ર દવે એ આ વાતને મંજુર રાખી જે વાતને તા. ૬/૯/૨૦૧૫ની વાર્ષિક સામાન્ય સભામાં મુકીને અનુમોદન મેળવવું.

તા. ૬/૯/૨૦૧૫ ના રોજ સામાન્ય વાર્ષિક સભાનું આયોજન કરવામાં આવ્યું પૂર્વ પ્રમુખશ્રી એ સમાજના છેલ્લા વર્ષોનો અહેવાલ સવિસ્તર રજુ કર્યો અને ત્યાર બાદ જાહેરાત કરી કે હું પોતે નિવૃત્ત થાઉ છું. અને મારી જગ્યાએ શ્રી અનિલ એસ. દવેનો પ્રસ્તાવ પ્રમુખ તરીકે મૂકું છું જેને ડૉ. શ્રી બંસીધરભાઈ ઉપાધ્યાય દ્વારા અનુમોદન મળ્યું અને વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે શ્રી અનિલ એસ. દવેની વરણી કરવામાં આવી. ત્યારબાદ સમાજના ઉપપ્રમુખ પદે મારા દ્વારા ડૉ. શ્રી

બંસીધરભાઈનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો જેને સમાજના જ અગ્રણી શ્રી રાજેન્દ્રભાઈ દવે દ્વારા અનુમોદન આપવામાં આવ્યું અને સભાએ ડૉ. શ્રી બંસીધરભાઈના નામની સર્વાનુમતે ઉપપ્રમુખપદે વરણી કરી ત્યાર બાદ અન્ય ઉપ પ્રમુખના હોદ્દાઓ, મંત્રીશ્રીઓ, સહ મંત્રીશ્રીઓ અને કોષાધ્યક્ષની નિમણૂંક કરવાની હતી પરંતુ સમાજના સભ્યો ઘણા વર્ષો પછી એકત્રિત થયા હોવાથી અમુક નામોની નામાવલીનો વિરોધ થવા લાગ્યો અને સામાન્ય સભામાંથી અન્ય અગ્રણી અને વીરપુરના રહીશ એવા શ્રી મુકેશભાઈ એસ શુક્લ દ્વારા સૂચન કરવામાં આવ્યું કે પ્રમુખશ્રી અનિલભાઈ દવે ઉપપ્રમુખશ્રી, ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય મંત્રીશ્રી કૌશીકભાઈ પાઠક, કોષાધાક્ષશ્રી કિરણ દવે અને ચૂંટણી અધિકારીશ્રી અનંતભાઈ આર. શુક્લની, કમિટિ બનાવવામાં આવે અને તેઓ ચર્ચા કરી નામો જાહેર કરી "શ્રીગૌડ જાગૃતિ" ના ઓક્ટોબર અંકમાં પ્રકાશિત કરવામાં આવે તેવું સૂચન કરવામાં આવ્યું.

શ્રી મુકેશભાઈએ કરેલા સૂચનને અમોએ મંજૂર રાખી સામાન્ય સભાને જણાવ્યું કે ફક્ત સાત જ દિવસમાં દરેક જગ્યાઓ પર ચર્ચા કરી, વિચારણા કરી. માળખુ નક્કી કરી દેવામાં આવશે અને અંતે સાત દિવસ પહેલા માળખાની સંપૂર્ણ રચના કરી દેવામાં આવી. સાથે ઠરાવ પણ કર્યો કે આગામી તા. ૧૧ મી ઓક્ટોબર ૧૫ રવિવારના રોજ હોદ્દેદારો, કારોબારીના સભ્યો સલાહકાર સમિતિના સભ્યોની સંયુક્ત મિટિંગ બોલાવવામાં આવશે અને તે પણ "શ્રીગૌડ જાગૃતિ" માં પ્રસિધ્ધ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

હવે સમાજની નવરચના થઈ ગઈ છે સમાજના સભ્યો જાગૃત થયા છે અને સમાજના વિકાસમાં હળીમળી, એકત્રિત થઈ આપણા સમાજનો મૂળભૂત પાયો મજબૂત કરી વિકાસ લક્ષી કાર્યો થાય તે ખૂબ જ જરૂરી છે સમાજના પ્રમુખ તરીકે મારો પણ દૃષ્ટિકોણ તટસ્થ અને સાચી દિશામાં હોવો જરૂરી છે, નહિતર કહેવાય છે કે "ગુજરાતીઓ આરંભે શુરા" પરંતુ આપણે સૌ શ્રીબંધુ છીએ અને ભગવાન પરશુરામના વંશજો છીએ જેથી શૌર્ય અને શાણપણ દાખવવું તેટલું જ જરૂરી છે.

પ્રમુખ તરીકે મારી વરણી થયેલ છે. સમાજ પ્રત્યેકનું મારું ઋણ અદા કરવાનો મોકો મને મળ્યો છે ત્યારે "શ્રીગૌડ જાગૃતિ" ના માધ્યમદ્વારા આપ સૌને વિદિત કરતાં પણ આનંદ અને ઉત્સાહની લાગણી અનુભાવું છું જે મે દઢનિર્ધાર લીધો છે તે કામ કરવામાં એક વર્ષનો સમય પૂરતો નથી પરંતુ આરંભ કરીશ તો મારા પછી આવનાર વ્યક્તિને કામ કારવામાં અને આગળ વધારવામાં કોઈ મુશ્કેલી નહિ રહે અને પદપરથી નિવૃત્ત થયા બાદ પણ સલાહકાર સમિતિમાં રહીને નિર્ધાર કરેલા લક્ષ્યો સરળતાથી હલ થઈ શકશે.

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના ઉત્થાન અને એકતા માટે ભાવિયોજનાઓ

૧. "સમસ્ત શ્રીગૌડ સમાજ" ગુજરાતની એકતા, અંખંડિતતા માટે સેતુ બની ભગીરથ પ્રયત્નો કરવા.
૨. દરેક જિલ્લાઓમાંથી સભ્યોની પસંદગી કરી સમસ્ત સમાજના માળખામાં પ્રતિનિધિત્વ આપવું.
૩. સમસ્ત માળખામાં પણ યોગ્ય મહિલાઓની પસંદગી કરી જવાબદારી સોંપવી.
૪. સમસ્ત ગુજરાતની યુવા પાંખ, લેડીઝ વીંગને નવુંસ્વરૂપ આપી કાર્યરત કરવા.
૫. સમાજના માળખામાં ૬૫ વર્ષથી વધુની વય ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ ન કરવો. પરંતુ આવી કુશળ વ્યક્તિઓને સલાહકાર સમિતિમાં સ્થાન આપવું.
૬. પ્રમુખ સહિત, સમાજના હોદ્દેદારો બે વર્ષ સુધી સક્રીય કામગીરી બજાવી શકશે. બે વર્ષની કામગીરી બાદ ફરજિયાત નિવૃત્ત થવું જરૂરી રહેશે.
૭. પ્રમુખ તરીકે મારી કામગીરીની મર્યાદા એક વર્ષની છે ત્યાર બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈશ. પરંતુ સમાજને મારી સેવા પરોક્ષ રીતે જીવનભર મળતી રહેશે.
૮. શૈક્ષણિક પ્રવૃત્તિને મહત્તમઉતેજન આપવું. સમાજ પાસે ઓછી આવક ધરાવતા કુટુંબોના દિકરા-દીકરીઓ સારા શિક્ષણનો લાભ લઈ શકે તે માટે શૈક્ષણિક લોન વગર વ્યાજે મળી શકે તેવું ફંડ પણ

એકત્રિત કરવું. એજ્યુકેશન કમિટિની રચના કરવામાં આવશે.

૯. શૈક્ષણિક શિબિરો યોજવા, નિબંધ સ્પર્ધા, વક્તૃત સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો વ્યાયામ શીબીરો સમયાંતરે કરવી ઘણી જરૂરી છે.

૧૦. સમાજનું યૌવન ધન સંસ્કૃત શીખી શકે તે માટે સંસ્કૃત ભાષાના જાણકાર વિધ્વાન પ્રોફેસર, શિક્ષકોને બોલાવી સંસ્કૃત ભાષાનું જ્ઞાન આપવા શિબિરો યોજવી.

૧૧. અદ્યતન ટેક્નોલોજીના યુગમાં યુવાન યુવતીઓને કોમ્પ્યુટર અને ઈનફોર્મેશન ટેક્નોલોજીનું વિશાળ પંટ પર જ્ઞાન મળી શકે તેવા પ્રત્યેનો કરવા.

૧૨. સમાજમાં ઘણી વ્યક્તિઓની આવક સીમિત છે. સમાજના પરિવારોના હિતમાં "મેડીકલ ઈમરજન્સી" ફંડ પણ એકત્રિત કરવું અને પરિવારો લાભ લઈ શકે તે માટે એક કમિટીની રચના કરવી.

૧૩. સમાજની સક્ષમવ્યક્તિઓ પાસેથી "ઈમરજન્સી ફંડ" માટે દાન, એકત્રિત કરવા માટે સભ્યોને વિનંતી કરવામાં આવશે.

૧૪. ઘણા વર્ષોથી સમાજ "શ્રીગૌડ ભવન" નિર્માણ કરવા પ્રયત્ન કરે છે પરંતુ આજદિન સુધી શક્ય બન્યું નથી. આ બાબતે આપ સૌને ખાસ જણાવવાનું કે આવું "શ્રીગૌડ ભવન" અમદાવાદ ખાતે નિર્માણ થઈ શકે છે. અને નિર્માણ અર્થે હું મારા વ્યક્તિગત ફંડમાંથી રૂા. ૨૫ લાખનુ દાન કરવાની જાહેરાત કરું છું. મારા પરિવાર સ્વ. ડૉ. સુરેન્દ્રરાય એ. દેવના પરિવાર તરફતી જાગૃતિ "નિભાવ ફંડમાં" રૂા. બે લાખનું દાન કરવામાં આવશે.

૧૫. દર વર્ષે વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓઓને દરેક ફેકલ્ટીઓમાંથી પ્રથમ આવનારને સુવર્ણચંદ્રકોનું વિતરણ કાર્ય કરવાનું કરવામાં આવશે.

૧૬. દર વર્ષે એક વાર્ષિક સંમેલન કરવામાં આવશે. જેમાં સુવર્ણચંદ્રક વિતરણ, બહારથી મુખ્ય મહેમાનોને આમંત્રણ આપવામાં આવશે. તેમજ સમાજના કુશળ વ્યક્તિઓનું વક્તવ્ય પણ ગોઠવવામાં આવશે.

૧૭. "શ્રીગૌડ ભવન" નિર્માણ કરવા માટે ફક્ત બે વર્ષનો સમય પૂરતો ગણી શકાય, આ ભવન અત્યંત આધુનિક હશે.

૧૮. સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના બંધારણમાં મૂળભૂત સુધારાઓ જરૂરી છે. અને વખતો વખત જરૂરિયાત પ્રમાણે સુધારોઓ માટે સમર્થન.

૧૯. "સમસ્ત શ્રીગૌડ સમાજ" ગુજરાતનું કેન્દ્રીય કાર્યાલય અમદાવાદ છે અને અમદાવાદ શહેરમાં અદ્યતન કાર્યાલય, અનેક સુવિધા સભર હોવું જરૂરી છે. કાર્યાલયનો સમય રવિવાર સિવાય તેમજ અન્ય મીટીંગ સીવાય સોમથી શનિ, સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૭-૦૦ સુધી ફરજિયાત રાખવો, કલાર્ક, પટાવાળાની નિમણૂંક કરી માસિક પગાર પર રાખવા.

૨૦. સમાજના હિસાબો તપાસણી માટે રજીસ્ટર્ડ ઓડિટર અને એક કાયમી ધોરણે ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવી.

૨૧. માસિક મેગેઝીન "શ્રીગૌડ જાગૃતિ" દરેક માસની ૫ તારીખ પહેલાં સભ્યોને ટપાલથી મળી જાય તેની કાળજી લેવી. નવું માળખું આકાર લે તે બાદ "સમસ્ત શ્રીગૌડ સમાજ", ગુજરાતના સભ્યોનો વ્યક્તિગત પરિચય, ઓળખ ફોટા સાથે આપી એક સૂત્રતા જળવાઈ રહે તેના પ્રયત્નો કરવા. વર્ષમાં એક વખત જીવનસાથી પસંદગી સંમેલન પણ યોજવું જરૂરી છે.

૨૨. ધાર્મિક તહેવારોની ઉજવણી પણ સામૂહિક રીતે કરવી. સમાજના કોઈપણ સભ્યના મરણ સમયે "બેસણા" ના દિવસે દરેકે ઉપસ્થિત રહેવા માટે પ્રયત્ન કરવો. મૃતાત્માના પરિવારને ઘણો માનસિક સહારો રહેશે.

૨૩. ચૂંટણી પ્રક્રિયા બદલવી. દરેક હોદ્દા માટે ઉમેદવારો ઉભા રહી શકે. સભ્યોની મતદાર યાદી તૈયાર કરી ઉમેદવારની વ્યવસ્થિત સમય આપી દરેક હોદ્દાઓનું ગુપ્ત મતદાન કરાવવું, ઉમેદવારની વય મર્યાદા નક્કી કરવી.

ઉપરોક્ત યોજનાઓ મારી નિયત કરેલી છે પરંતુ અમારા સાથીઓ સાથે યોગ્ય ચર્ચા કરી જરૂરી ઠરાવો કરી અનુમોદન પણ મેળવવામાં આવશે.

મારા સાથીઓને આ ભગીરથ કાર્યમાં સમાજના દરેક સભ્યોનો પૂરતો બહુ મૂલ્ય સહકાર મળી રહેશે તેવી આશા સેવું છું. હું અને મારા સાથીઓ ભગીરથ કાર્યને સરળતાથી હાંસલ કરી શકીએ તે માટે સમાજના યુવા મિત્રો બહેનો અને બધા જ શ્રી બંધુઓનો અદ્ભુત સહકાર પ્રાપ્ત થાય તે અત્યંત આવશ્યક છે.

તો ચાલો, સાથે ચાલીએ, સાથે દોડીએ અને આપણા માનવંતા સમાજનો વિકાસની હરોળમાં આગવું સ્થાને આપીએ.

આપ સૌને હું અભિનંદન આપું છું અને ઈશ્વરને પણ પ્રાર્થના કરું છું કે મારો દ્રઢસંકલ્પ, દ્રઢ નિર્ધાર, અને સમાજની અખંડીતતા, એકતા જળવાઈ રહે તે માટેના પ્રયત્નોમાં મને અને મારા સાથીઓને પ્રભુ અખૂટ શક્તિ બક્ષે.

વખતો વખત પ્રત્યક્ષ મુલાકાત ન થાય તો પણ "શ્રીગૌડ જાગૃતિ" નમાધ્યમથી અમારા વિચારો, નિર્ણયો આપ સુધી જરૂરથી પહોંચશે "શ્રીગૌડ જાગૃતિ"નો અંક આપ સૌને નિયમીત મળી જાય તેવું પણ ચોક્કસ ધ્યાન રાખવામાં આવશે.

સભ્યશ્રીઓને વિનંતી કરવાની કે તમારા નિવાસ સ્થાનનું સરનામું બદલાય તો તેની જાણ સમાજના કાર્યાલય પર તાત્કાલિક નામસહિત કરી દેવી જેથી તે પછીનો અંક તમારા નવા સરનામે પહોંચી શકે. તમામના નામસાથેનું, સભ્યશ્રીના સરનામાનું એક અલગ રજીસ્ટર નવેસરથી તૈયાર કરવવામાં આવશે જેથી તેની જાણ સમાજના કાર્યાલિયમાં જરૂરથી કરી દેવી.

મારા સાથીઓને હાર્દિક અભિનંદન પાઠવું છું. તેમજ "શ્રીગૌડ જાગૃતિ" પરિવાર તંત્રીશ્રી, સંપાદકશ્રી અને તંત્રીમંડળ ને પણ હૃદયપૂર્વક અભિનંદન આપી વધાવું છે.

**આપ સૌનો ખૂબ ખૂબ આભાર**

**અનિલભાઈ એસ દવે**
પ્રમુખ,
સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

---

## :: કારોબારી સમીતીની મીટીંગ ::

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતની નવા ચૂંટાયેલા સભ્યોની કારોબારી સમીતીની પ્રથમમીટીંગ તા. ૧૧/૧૦/૨૦૧૫ ને રવિવારના રોજ બપોરે ૧ થી ૪ દરમ્યાન નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.**

**સ્થળ : ગુજરાત હાઈકોર્ટ એડવોકેટસ કેન્ટીન, સોલા રોડ, અમદાવાદ.**

**-મંત્રીશ્રી**

## મંત્રીશ્રી નું નિવેદન

**આત્મીય સુજ્ઞ જ્ઞાતિજનો,**

આ પત્ર આપ સમક્ષ લખતા ઘણા જ આનંદનીલાગણી અનુભવી રહ્યો છું પાછલો પત્ર લખતા દ્વિધાની લાગણી અનુભવતો હતો, પરંતુ તા. ૬/૯/૨૦૧૫ ની સામાન્ય સભા સરસ રીતે પૂરી થઇ અને જ્ઞાતિજનોએ જે ઉમંગભેર હાજરી આપી હતી તથા પરસ્પર આત્મીયતા જોવા મળી, સર્વ સંમતિ થી વડીલો એમની દૂરદેશી નું તથા સમાજ માટે કંઈ પણ જતુ કરવાની વૃત્તિ નો આપણને પરિચય કરાવ્યો. સામાન્યસભા પહેલા જે ડર હતો કે ચૂંટણી થશે અને જો ચૂંટણી થશે તો સમાજ બે ભાગમાં વહેચાઇ જશે પરંતુ તેવુ કઇ ન થયું, સર્વ સંમતિ થી પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, તથા, કોષાધ્યક્ષ, ની પસંદગી થઇ અને તેઓ ને સમગ્ર કારોબારી નક્કી કરવાની સત્તા સોપાઈ.

શ્રી હરિપ્રસાદભાઈ જોષી, શ્રી અનિલભાઈ દવે શ્રી.ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય, શ્રી રાજેન્દ્રભાઈ દવે, શ્રી ભરતભાઈ એસ. શુકલ, શ્રી કુમુદભાઈ દવે. શ્રી કિરણભાઈ દવે, શ્રી મુકેશભાઈ શુકલ, શ્રી દિલિપભાઈ શુકલ તથા શ્રી જિગ્નેશભાઈ પાઠક નો ચૂંટણી ટાળવા માં અને સમાજને એક રાખવામાં સીધો કે આડકતરો, પ્રયક્ષ કે પરોક્ષ રીતે ફાળો રહયો છે તે બદલ સૌનો હું આભાર માનુ છું.

ઉપર્યુક્ત નામો સિવાય ઘણા લોકોએ સમાજ ને એક રાખવા માટે કાર્ય કર્યું છે અને જતુ કર્યું છે એ બદલ એમનો પણ આભાર માનું છું.

નવી કારોબારી ની રચના થઇ ગઈ છે જે આ અંકમાં પ્રસ્તુત છે.

ગત જાગૃતિ ના અંક માં શ્રી કૃષ્ણવદનભાઈ શુકલનુ નામ મુદ્રણ દોષ થી બે જગ્યા એ ખોટી રીતે છપાયેલું હતું જેનાં થી તેમના સ્વજનોની લાગણી દુભાઈ હતી તે બાબતે સ્પષ્ટતા કરતા જણાવવાનું કે શ્રી કૃષ્ણવદનભાઈ શુકલ એ કરેલા કાર્યો માટે સમાજ હંમેશા ગૌરવ ની લાગણી અનુભવે છે તથા તેમના પરિવારજનોની લાગણી જાણે અજાણ્યે દુભાઇ તે બદલ તેમની માફી માંગીએ છીએ. અને સમાજનીકોઈપણ વ્યક્તિને ક્યારેય શ્રી કૃષ્ણભાઈની પ્રામાણિકતા અને નિષ્ઠા માટે કોઈ શંકા ન હતી.

ગઈ કાલ પૂરી થઈ ગઈ છે અને આવતી કાલની તૈયારી કરવાની છે. આપણા નવા પ્રમુખ શ્રી અનિલભાઈ દવે પાસે ઘણી અપેક્ષાઓ છે, તેમની કાર્ય કરવાની ધગશ જોતા સર્વ જ્ઞાતિજનોને વિનંતી કે આપણે તન, મન,અને ધનથી સંહકાર આપીએ અને તેમના સંકલ્પો પૂરા કરીએ.

શ્રીગૌડ જાગૃતિ આપણા સમાજ નું મુખપત્ર ફરી ચાલુ કરેલ છે. અને તે ચલાવવાની જવાબદારી આપણી છે. તેની નિયમિતતા જળવાઈ રહે અને ઉદાર નાણાની ભીડન પડે તે માટે સર્વ જ્ઞાતિજનો ને વિનંતી કે "શ્રીગૌડ જાગૃતિ" નિભાવ ફંડ મા ઉદાર હાથે દાન આપશો અને અપાવશો. તથા તમારા વ્યવસાયની જાહેરાત આપી ને આર્થિક ટેકો આપશો. જેના ઉદાહરણ રૂપે નવા પ્રમુખશ્રી અનિલભાઈ દવે એ જાગૃતિ નિભાવ ફંડમાં રૂા. બેલાખનું દાન આપવાનું જાહેર કરેલ છે. જે બદલ સમાજ તેમને ઋણી રહેશે.

આપ સૌ જ્ઞાતિજનો એ સામાન્ય સભા માં હાજર રહીને સમાજ ની એકતાનું તથા સમાજ પ્રત્યે ની જાગૃતિ બતાવી તે બદલ કૃતજ્ઞતા ની લાગણી અનુભવું છું. આના થી એક સ્પષ્ટ સંદેશ પણ નવી કારોબારીના સભ્યો ને મળેલ છે કે હવે પછી કોઈ પણ પ્રકારે સમાજની સુષુપ્ત અવસ્થા ચલાવી લેવા માં આવશે નહીં. કાર્ય કરો અથવા કરવા દો નો સ્પષ્ટ સંદેશ સૌ કારોબારી સભ્યો ને મળેલ છે અને તેની નોધ પણ લેવામાં આવી છે. સમાજ દ્વારા મારા માં મૂકેલ વિશ્વાસ ની હું નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવવાની પૂરેપૂરી કોશિશ કરીશ.

આભાર સહ

કૌશિક એચ. પાઠક
(મંત્રી શ્રી – સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત)

## ખેલૈયાની સંગે

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ધ્વારા તા. ૧૭-૧૦-૨૦૧૫ ને શનિવારના રોજ 'રાસ-ગરબા' નું આયોજન કરેલ છે. સર્વ શ્રી જ્ઞાતિજનોને ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને આવવાનું આમંત્રણ છે

સ્થળ : ઉન્નતિ વિદ્યાલય કંપાઉન્ડ, મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ
સાંજે ૭:૦૦ થી ૧૧:૦૦

-મંત્રીશ્રી

## કોષાધ્યક્ષ નો અહેવાલ

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ની વાર્ષિક સામાન્ય સભા તા. ૬-૯-૨૦૧૫ નારોજ અમદાવાદ મૂકામે મળેલ હતી. આ સભામાં જ્ઞાતિજનો મોટી સંખ્યામાં હાજર રહેલ હતા. સામાન્ય સભાએ 'સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત ના સને ૩૧-૩-૨૦૧૫ સુધી ના હિસાબો ને સર્વાનુંમતે મજૂર કરેલ છે.

(૧) સમાજના નવા પ્રમુખ તરીકે અનિલભાઈ એસ. દવે ની નીમણૂંક કરવામાં આવેલ છે.અનેતેઓએ સમાજના ઉત્કર્ષ માટે ભવન બનાવવાની પ્રેરણા દરેક જ્ઞાતિજનોને આપી છે.આ કાર્ય માટે નીચેના જ્ઞાતિજનોએ ભવન માટેદાન આપવાની જાહેરાત કરી છે

(૧) પ્રમુખશ્રી અનીલભાઈ એસ. દવે તરફથી રૂા. ૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પૂરા)

(૨) શ્રી મૂકેશભાઈ - તથા દિલીપભાઈ વિરપુર ના "કારભારી પરિવાર" તરફથી તેઓના માતૃશ્રી સ્વ. વિદ્યાગૌરી બેન શુકલના સ્મરણાર્થે રૂા. ૧૧-૦૦૦૦૦/- (અગીયાર લાખ પૂરા)

(૩) શ્રી યોગેશભાઈ કે. શુકલ તરફથી રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર પૂરા)

(૨) મેડલ ફંડ માટે મેડતવાળ પક્ષના શ્રી કિરણભાઈ મહેતા (પેથાપુરવાળા) (પૂર્વ મંત્રી સમસ્ત શ્રીગૌડ સમાજ) ના માતૃશ્રી સ્વ. મધુકાંતાબેન પ્રવિણચંદ્ર મહેતા સ્મરણાર્થે રૂા. ૫૦૦૦/- (પાંચ હજાર પૂરા) એન્જીનીયરીંગ શાખા (એમ. ટેક) માટે આવેલ છે.

(૩) જાગૃતિ નિભાવ ફંડ :- શ્રી અનિલભાઈ એસ. દવે તરફથી રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ પૂરા) જાગૃતિ નિભાવ ફંડ માટે આપવાની જાહેરાત કરેલ છે.

(૧) સમાજના ૧૮ વર્ષની ઉપરના જ્ઞાતિજનો સમાજના સભ્ય બને તે માટે અપીલ કરવામાં આવે છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષના એટલે કે વર્ષ ૨૦૧૨-૧૩,૧૩-૧૪ અને ૧૪-૧૫ ના પરિતોષક માટે ની અરજીઓ તા. ૩૧/૧૦/૨૦૧૫ સુધીમાં સમાજના કાર્યાલય ઉપર મોકલવા માટે ની છેલ્લી તારીખ છે. પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અને સંપર્ક ની વિગતો પૂરે પૂરી મોકલવી.

(૩) સમાજના જ્ઞાતિજનો ને શ્રીગૌડ જાગૃતિ ટાઈમસર મળે તે માટે પોતાના સરનામા - ફેરફાર ની નોધ કાર્યાલાય ઉપર લેખિતમાં મોકલવા વિનંતી છે.

કિરણ વી. દવે
કોષાધ્યક્ષ

## અવસાન નોંધ

- ખંભાત જંબુસર પક્ષ ના શ્રી હરિશકુમાર જયેશંકર ભટ્ટ નું તા. ૬/૯/૨૦૧૫ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.
- સાડત્રીસ પક્ષના શ્રી હરીશકુમાર સોમેશ્વર પંડ્યા (મહુધા) નું ૧૫-૮-૧૫ના રોજ અવસાન થયેલ છે.
- કાશ્મીરીયા પક્ષના મુકેશભાઈ, દિક્ષીતનાભાઈ તથા વ્રજના પિતાશ્રી સ્વ. અલ્કેશભાઈ નરેન્દ્ર પાઠકનું (હળદળવાળો ખાચો ઢાળની પોળ આસ્ટોડીયા)નું અવસાન તા. ૮-૯-૧૫ ના રોજ થયેલ છે.

પરમકૃપાળુ પરમાત્મા દિવંગત્વના આત્માને શાંતિ અર્પે તથા તેમના પરિવાર પર આવેલ દુ:ખને સહન કરવાની શક્તિ આપે તેવી સમસ્ત શ્રીગૌડ સમાજ તથા શ્રીગૌડ જાગૃતિ પરિવાર તરફથી પ્રભુને હૃદય પૂર્વકની પ્રાર્થના

## સુજ્ઞ જ્ઞાતિજનોને નમ્ર અપીલ

શ્રીગૌડ જાગૃતિ માસિક નવાં કલેવર અને આધુનિક રૂપ-રંગમાં પ્રસિધ્ધ થઈ રહ્યું છે. ત્યારે સર્વ જ્ઞાતિજનોને ખાસ ધ્યાનમાં રાખવાની બાબત.

- 'જાગૃતિ' માસિક આપનાં સુધી સમયસર પહોંચે તે માટે દરેક જ્ઞાતિજન પોતાના નામ-સરનામા-ગ્રાહક નંબરની ચોકસાઈ કરી લેશે.
- નામ-સરનામાંમાં ફેરફાર માટે શ્રી કિરણભાઈ વી. દવે (રવાનગી કાર્યાલય) ને મોકલવું
- આપણા કુટુંબમાં બનતા સારા-ખોટા, હર્ષ ઉલ્લાસનાં વિવિધ પ્રસંગોએ આપણા શ્રીગૌડ જાગૃતિ માસિકને ઉદાર હાથે મદદ કરીને જ્ઞાતિ-સમાજને પગભર કરવામાં સક્રિય સહયોગ કરીએ. મા. પ્રમુખશ્રી અનિલભાઈ એસ. દવે તરફથી જાગૃતિ નિભાવ ફંડમાં મલેલ રૂા. ૨૦૦,૦૦૦/- બદલ સંસ્થા તેમનો હૃદય પૂર્વકનો આભાર માને છે.

-તંત્રીશ્રી
-શ્રીગૌડ જાગૃતિ

## સમાચાર સંચય

• બ્રહ્મણ પંચ – શહેરા ધ્વારા આયોજીત 'સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના નવનિયુક્ત હોદ્દેદારો અને કારોબારી સભ્યો નો 'સન્માન સમારંભ' તા. ૨૦/૯/૧૫ ના રોજ કુળદેવી શ્રી મહાલક્ષ્મીમાતા ના સાનિધ્યમાં બ્રાહ્મણ પંચની વાડી, શહેરા મુકામે યોજાયો તેમાં શ્રી સમુદાયની વિશાલ હાજરીમાં સમારંભના અધ્યક્ષ સ્થાનેથી ખેડા જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી મુકેશભાઈ શુકલ, શહેરા શ્રીગૌડ સમાજના પ્રમુખ શ્રી જીજ્ઞેશભાઈ પાઠક તથા તેમના સાથીઓ ધ્વારા ઉપસ્થિત નવીન હોદ્દેદારો તથા કારોબારી સભ્યોનું પુષ્પગુચ્છ આપી, શાલ ઓઢાડી તેમજ મહાલક્ષ્મી માતાના ફોટો – મોમેન્ટો અર્પણ કરી સન્માનવામાં આવ્યા.

આ સમારંભમાં સમસ્ત શ્રીગૌડ સમાજના પ્રમુખ શ્રી અનીલભાઈ દવે ઉપપ્રમુખશ્રીઓ ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય, શ્રી રાજેન્દ્રભાઈ દવે, ભરતભાઈ શુકલ, કનકભાઈ પાઠક, પંકજભાઈ શુકલ, હરીન્દ્રભાઈ પાઠક તેમજ મંત્રી જયંતભાઈ જોષી, સહમંત્રી–પૂષ્પેશભાઈ પાઠક તથા દક્ષેશભાઈ પુરોહિત તથા કારોબારી સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતા.

શ્રી જીજ્ઞેશભાઈ પાઠક તથા સમારંભના અધ્યથીશ્રી મુકેશભાઈ શુકલ ધ્વારા કરવામાં આવેલી વિનંતિને નવીન પ્રમુખશ્રી અનિલભાઈ દવેએ સમાજ તથા કારોબારી વતી સહર્ષ સ્વીકારીને શહેરા ગામને **'શ્રી મહાલક્ષ્મી ધામ'** તરીકે જાહેર કરવાનું અનુમોદન આપ્યું. તથા સન્માન સમારંભનું સુંદર આયયોજન કરવા બદલ કારોબારી વતી આભાર વ્યક્ત કરી મહા પ્રસાદ લઈ સૌ વિખેરાયા.

• કુળદેવી શ્રી મહાલક્ષ્મી માતાજીના પ્રાગટયદિન નિમિત્તે વાર્ષિક ઉજવણીના ભાગરૂપે નવચંડીનું આયોજન 'શ્રીગૌડ' બ્રાહ્મણ ગુ.પક્ષ–મોટુ તડ', લુણાવાડા ધ્વારા તા. ૨૨–૯–૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું પ્રમુખશ્રી મહેશભાઈ ભટ્ટ ધ્વારા સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના નવા વરાયેલા ઉપસ્થિત હોદ્દેદારો પ્રમુખશ્રી અનીલભાઈ દવે, ઉપપ્રમુખશ્રીઓ ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય, ભરતભાઈ શુકલ, કનકબાઈ પાઠક હરિન્દ્રભાઈ પાઠક તથા કારોબારી સભ્યશ્રી કુમુદચંદ્ર દવેનું ફૂલહાર મોમેન્ટો તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ દિવસની પુર્વ સધ્યાયે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ શ્રી અતુલભાઈ પંડ્યાની આગેવાનીમાં ગોઠવવામાં આવ્યું હતું.

• 'નૂતન શ્રીગૌડ બ્રાહ્મણ' ધ્વારા પણ તા. ૨૨–૯–૨૦૧૫ ના રોજ લુણાવાડા મુકામે પ્રમુખશ્રી જનકભાઈ પાઠક તથા સભ્યો ધ્વારા કુળદેવી શ્રીમહાલક્ષ્મી માતાજીની નવચંડીનું સુંદર આયોજન કરવામાં આવેલ. અત્રે પણ સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના નવા વરાયેલા હોદ્દેદારો તથા કારોબારી સભ્યો હાજર રહયા હતા. 'શ્રી' બંધુઓની વિશાલ હાજરી વચ્ચે નવા વરાયેલા ઉપસ્થિત હોદ્દેદારો તથા કા. સભ્યોને ફુલહાર મોનેન્ટો ધ્વારા સન્માનવામાં આવ્યા હતાં.

ઉપરોક્ત બંન્ને પ્રસંગોમાં સન્માન કરવા બદલ નવા વરાયેલા પ્રમુખશ્રી અનિલભાઈ દવે તથા સર્વે હોદ્દેદારો દ્વારા આભાર વ્યક્ત કર્યો હતો. અને બંન્ને પક્ષો એક થઈ ભાવિ પ્રસંગો સમૂહમાં યોજે તેવો અનુરોધ કર્યો જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો. મહાપ્રસાદ લઈ સૌ જ્ઞાતિજનો છૂટા પાડ્યા

## સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત ના નવા કારોબારી સભ્યો

૧. શ્રી અનિલભાઈ એસ. દવે – પ્રમુખ
૨. શ્રી બંસીધરભાઈ ઉપાધ્યાય – ઉપપ્રમુખ
૩. શ્રી રાજેન્દ્રભાઈ એન. દવે – ઉપપ્રમુખ
૪. શ્રી ભરતભાઈ એસ. શુકલ – ઉપપ્રમુખ
૫. શ્રી કનકભાઈ સી. પાઠક – ઉપપ્રમુખ
૬. શ્રી પંકજભાઈ એમ. શુકલ – ઉપપ્રમુખ
૭. શ્રી હરીન્દ્રભાઈ પાઠક – ઉપપ્રમુખ
૮. શ્રી કૌશિકભાઈ એચ. પાઠક – મંત્રી
૯. શ્રી જયંતિભાઈ જી. જોષી – મંત્રી
૧૦. શ્રી પુષ્પેશભાઈ પાઠક – સહમંત્રી
૧૧. શ્રી દક્ષેશભાઈ પુરોહીત – સહમંત્રી
૧૨. શ્રી કિરણભાઈ વી. દવે – કોષાધ્યક્ષ
૧૩. શ્રી જયપ્રકાશભાઈ જોષી
૧૪. શ્રી નિતિનભાઈ વી. જોષી
૧૫. શ્રી વિજયભાઈ એન. ઉપાધ્યાય
૧૬. શ્રી જીતેન્દ્રભાઈ બી. ઉપાધ્યાય
૧૭. શ્રી કિરીટભાઈ બી. જોષી
૧૮. શ્રી મહેશભાઈ કે. ભટ્ટ
૧૯. શ્રી અશોકભાઈ જે. ઉપાધ્યાય
૨૦. શ્રી પરિમલભાઈ ડી. પાઠક
૨૧. શ્રી આશિષભાઈ ડી. પરીખ
૨૨. શ્રી જીગ્નેશભાઈ પાઠક
૨૩. શ્રી જનકભાઈ પાઠક
૨૪. યોગેશભાઈ કે. શુકલ
૨૫. શ્રી કિરીટભાઈ આર. દવે
૨૬. શ્રી રાહુલભાઈ આર. શુકલ
૨૭. શ્રી દિલિપભાઈ એન. પાઠક
૨૮. તારલિકાબેન ટી. શુક્લ
૨૯. શ્રી જીગ્નેશભાઈ બી. પંડિત
૩૦. શ્રી મુકેશભાઈ બી. પંડ્યા
૩૧. શ્રી ઉદયભાઈ એસ. શાસ્ત્રી
૩૨. શ્રી દિલિપભાઈ વાય. પાઠક
૩૩. શ્રી તેજલ એસ. પંડ્યા
૩૪. શ્રી ચિરાગભાઈ એસ. શાસ્ત્રી
૩૫. શ્રી મનોજભાઈ ડી. શુકલ
૩૬. શ્રી સર્વાન્ગભાઈ જોષી
૩૭. શ્રી ભાનુભાઈ જે. પંડ્યા
૩૮. શ્રી દિપકભાઈ શુકલ
૩૯. શ્રી ધ્રુવભાઈ શુકલ
૪૦. શ્રી કમુદચંદ્રભાઈ દ્વે
૪૧. શ્રી હેતલભાઈ આર. શુકલ
૪૨. શ્રી દિપકભાઈ એન. દવે
૪૩. શ્રી નિરંજનભાઈ શુકલ
૪૪. શ્રી પ્રફુલભાઈ જોષી
૪૫. શ્રી જયેશભાઈ ભટ્ટ
૪૬. શ્રી રીતેશભાઈ આર. શુકલ
૪૭. શ્રી વંદનભાઈ વી. પુરોહીત
૪૮. શ્રી પ્રવિણભાઈ વી. પુરોહીત
૪૯. શ્રી કિરણભાઈ મહેતા
૫૦. પ્રમુખ – મંત્રી,
વિવિધ ઘટકના પક્ષો

# સંબંધનો સથવારો

વાંચવાનો શોખ ખૂબજ રસમય હોય છે. વાંચનમાંથી ઘણી વખત એવા સત્યો સાંપડતા હોય છે કેજે આપણને જીવન ઉજાળવાના સાચા રસ્તાઓ બતાવતા હોય છે. હમણાં હું ચિન્મયપ્રમા માસિક વાંચતો હતો તેમાં ચિન્મય મિશનના ગુરૂજી તેજોમયાનંદજીની પ્રશ્નોતરી મને ખૂબ ગમી. આ પ્રશ્નોતરીનો પહેલો પ્રશ્ન હતો :- ગીતામાં જણાવ્યાપ્રમાણે એક આદર્શ વ્યવસ્થાપક કે સેવક કોને કહી શકાય અને તેનામાં શુ ગુણો હોવા જોઇએ.ઉતર હતો:-શ્રેષ્ઠ નેતા કે પદ પ્રતિષ્ઠા માટે આસકિત ન હોવી જોઇએ.તેનામાં પરિસ્થિતિને સમજી તે પ્રમાણે કાર્ય કરવાની આવડત હોવી જોઇએ. એકવાર પદ છોડવું જરૂરી હોય તો તે પણ છોડી શકવાની તૈયારી હોવી જોઇએ અને તે એ કરશે જો તે અનાશકત હશે અને  આ અનાસકત એજ સાચો સેવક અને સાચો વ્યવસ્થાપક બીજો પ્રશ્ન હતો. આધ્યાત્મિકતાની શું વ્યાખ્યા છે? જવાબ હતો :કોઇ પ્રકારનું ખાસ કર્મ એ આધ્યાત્મિકતા નથી. આત્મિકતાનું રહસ્ય એમાં છે કે સ્વરૂપ આત્મા માં સ્થિર થવું, આત્મસ્વરૂપ થવું. ટૂંકમાં કહીએ તો આધ્યાત્મિકતા એટલે બધા જીવોમાં એકત્વને અનુભવ કરવો. પ્રખ્યાત માનસશાસ્ત્રી ડાં. હર્ષલ ભચેચ કહે છે કે આધ્યાત્મિકતા કોઇ ધર્મ સંપ્રદાપકે માન્યતા સાથે સંકળાયેલો વિષય નથી પરંતુ આધ્યાત્મિકતાનું બીજું નામ છે. 'સાયન્સ ઓફ સેલ્ફ અપલીફટમેન્ટ', પહેલી અને બીજી આધ્યાત્મિકતાની સરખામણી કરી કેવી રીતે આધ્યામિક બનવું તે આપણે શીખવાનું છે.

ત્રીજો પ્રશ્ન હતો:- શા માટે લોકો સત્ય બાલવા માટે ગભરાય છે? કયાં તો તેઓ ચૂપ રહે છે. અથવા ચાલાકીનો સહારો લે છે. જવાબ છે:- આનું કારણ એક જ છે કે આપણને આ દુનિયા પાસેથી કશુંક જોઇએ છે. જયાં સુધી ઇચ્છાઓ હશે ત્યાં સુધી સમાધાન તો કરવાં જ પડશે. જેને જગત  પાસે કોઇ અપેક્ષા નથી તે સત્ય બોલતા ગભરાતો નથી, કેમકે તેને કશું જ ગુમાવવાનું હોતું નથી.  આ તો એક પાસુ થયું જયારે વ્યકિતના જીવનમાં સકારાત્મકતા હશે પછી તે કોઇ ઉદેશ માટે કાર્ય કરતો હશે તો તે સત્ય બોલતા ડરશે નહીં. ગાંધીજી નું દષ્ટાંત લઇ એ તો તેમને કશું પણ પોતાના માટે જોઇતું ન હોતું, દેશને માટે જોઇતું હતું. ત્યારે આપણી નબળાઇ એ છે કે આપણને આપણા માટે જોઇએ છે.

ઉપરોક્ત પ્રશ્નોતરી વાંચી લાગ્યું કે જગત જનની માં અંબાની નવરાત્રી ઉજવતાં ઉજવતાં આપણે સંવત ૨૦૭૧ ના અંત તરફ પહોંચી ગયા છીએ દિવાળી વખતે એકબીજાને હેપ્પી દિવાળી અને હેપ્પી ન્યુઇઅર કહીશું ત્યારે પ્રશ્નોતરી માં સમાયેલા ગૂઢ રહસ્યોને નજર સમક્ષ રાખી આગળ વધીશુ તો આપણું તો કલ્યાણ થશે પરંતુ 'સમસ્ત શ્રીગૌડ સમાજ', ગુજરાત ના કલ્યાણમાં પણ આપણે સહભાગી બની શકીશું.

Let God Bless us to make us Worth of our Samaj Activitiey ૨૫ વર્ષ પહેલાં "શ્રીગૌડ જાગૃત્તિ" માં તંત્રી તરીકે તંત્રી લેખ લખવાનું શકું કયું હતું તે હવે નવું મંત્રી મંડળ રચાતાં પૂર્ણ થશે. સમાજ "શ્રીગૌડ જાગૃત્તિ" ના માધ્યમ દ્વારા જ્ઞાતિજનો સાથે સંપર્ક રાખવાનો અનહદ આનંદ અનુભવ્યો. અનાશક્ત ભાવે તંત્રી તરીકે વિદાય લેતા મનમાં સમાજના સેવક તરીકે ભાવ અકબંધ અને અવિભાજ્ય રહેશે તેની ખાત્રી આપું છું. સૌને ભાવભીના નમસ્કાર

રાજેન્દ્ર એન. દવે
પૂર્વ તંત્રી "શ્રીગૌડ જાગૃતિ"

**પ્રકાશક અને મુદ્રક :**
સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી
ભાવિનભાઈ આર. શુકલ
C/o શ્રી કિરણભાઈ વી. દવે
૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી, વિભાગ-૩,
જુની પાઈલોટ ડેરી પાસે, કાંકરીયા,
અમદાવાદ-૩૮૦૦૨૨.

આજીવન સભ્ય ફી : ૨૦૧ પતિ-પત્નિ સાથે
રૂા. ૩૦૧-પરદેશમાં રૂા. ૨૫૦૦

બુક પોસ્ટ

**પ્રતિ,**

JAYANTIBHAI JOSHI
PLOT NO-415/2,
SECTOR 3B,
GANDHINAGAR-382006
9601995567